# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૧૬/૪/૨૦૨૧

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 'ટેકસ ભરો–સમૃદ્ધ બનો' વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૧૪ એપ્રિલ, ૨૦૨૧ના રોજ 'ટેકસ ભરો– સમૃદ્ધ બનો' વિષય ઉપર વેબિનાર યોજાયો હતો. જેમાં નિષ્ણાંત વકતા તરીકે સુરતની જાણીતી નટવરલાલ વેપારી એન્ડ કંપનીના સીએ હિરેન વેપારીએ ટેકસ ભરીને કઇ રીતે શ્રીમંત બની શકાય છે? તે દિશામાં મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું. તેમણે બધાને ટેકસને એવોઇડ કરવાને બદલે ટેકસ ભરવા માટે પ્લાનિંગ કરવાની સલાહ આપી હતી.

સીએ હિરેન વેપારીએ જણાવ્યું હતું કે, ભારતમાં સરકાર દ્વારા લેવામાં આવતો ટેકસ વિશ્વ તથા એશિયાના અન્ય દેશો કરતા ઘણો ઓછો છે. ભારતમાં ૧૯૮૫માં વી.પી. સિંઘ નાણાં મંત્રી હતા તે સમયે ટેકસનો રેટ ૫૦ ટકા કરવામાં આવ્યો હતો. વર્ષ ૧૯૯૭માં નાણાં મંત્રી તરીકે પી. ચિદમ્બરમ આવ્યા ત્યારે તેમણે ટેકસનો રેટ ઘટાડીને ૩૦ ટકા કરી દીધો હતો. હવે વર્તમાન સરકારે નવી મેન્યુફેકચરીગ કંપનીઓ માટે ટેકસનો રેટ ૧૫ ટકા કર્યો છે. જ્યારે અન્ય કંપનીઓ માટે ટેકસનો રેટ ૨૫ ટકા કરવામાં આવ્યો છે. ભારતમાં લોએસ્ટ ટેકસ રેટ છે. આથી ટેકસ ચોરી માટે અવકાશ રહેતો જ નથી. લોકોએ વ્હાઇટ નાણાંની કેપિટલ બનાવવી જોઇએ અને ટેકસને એવોઇડ કરવાને બદલે ટેકસ ભરવા માટેનું પ્લાનિંગ કરવું જોઇએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વર્તમાન સરકાર તો ફેસલેસ એસેસમેન્ટ અને ફેસલેસ અપીલ લઇને આવી છે. હવે સ્કુટીનીમાં કેસ સિલેકટ થાય તો કયા અધિકારી તપાસ કરે છે અને તેઓ કયાં બેઠા છે તેની કોઇ ખબર હોતી નથી. ઇન્ફોર્મેશન સ્પેસિફીક કેસ હોય અને વ્યવસ્થિત જવાબ આપવામાં આવે તો કેસ સોલ્વ થઇ જાય છે. બુકમાં બધા વ્યવહારનો ડેટા હશે તો કોઇ વાંધો આવશે નહી. સીધો રસ્તો એ છે કે વ્હાઇટમાં બિઝનેસ કરો અને સંપૂર્ણ

ટેક્સ ભરી દો. તેમણે સંપૂર્ણ ટેક્સ ભરનાર તેમજ દેશમાં સિદ્ધાંત, જવાબદારી અને સન્માન માટે જાણીતા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ 'ટાટા ગૃપ'નો દાખલો આપી સમજણ આપી હતી.

સીએ વેપારીએ વધુમાં કહયું કે, બિઝનેસને કન્ટ્રોલ અને ઓર્ગેનાઇઝ કરવા માટે દરેક કોર્ટનમાં ડેટા ક્રિએટ કરવો પડશે. કંપનીમાં પરચેઝ, પ્રોડકશન, સેલ, પ્રોસેસ, એમ્પ્લોઇ અને કસ્ટમર સંબંધિત ડેટા એકબીજાની સાથે લીન્ક કરવો પડશે. આવું હશે તો કંપનીના એકાઉન્ટ અને બિઝનેસ ઓપરેશન્સ સંપૂર્ણપણે ટ્રાન્સપરન્ટ રહેશે. આથી વ્યવસ્થિત રીતે ટેક્સનું પ્લાનીગ કરી શકાશે અને બિઝનેસમાં પ્રોફીટ સરફેસ થશે. બિઝનેસમાં સતત ગ્રો કરતા હોવ તો ડેપ્રીસીએશનનો લાભ લઇ શકાય છે. બિઝનેસ ફેલાતો હોય અને સતત નવું રોકાણ થતું હોય તો ટેક્સ ઘટાડી શકાય છે. કયારેક એવું થાય કે ટેક્સ નહીવત થઇ જાય. આવી રીતે ટેક્સ ભરીને પણ લોકો શ્રીમંત બની શકે છે.

વધુમાં તેમણે કહયું કે, સરકાર હવે ટીડીએસ અને ટીસીએસ જેવા પ્રોવિઝનો થકી ડેટા ઉભી કરી રહી છે. આ બંને પ્રોવિઝનો બિઝનેસમાં વેલ્યુ ઓફ ટ્રાન્જેકશનની સાથે લીન્ક કરવામાં આવ્યા છે. આથી ઇન્કમ ટેક્સ અને જીએસટી સહિતના વિભાગો દ્વારા એનાલિસિસ થઇ રહયું છે. ટેક્સ નહી ભરવામાં આવશે તો વિભાગો દ્વારા લિટીગેશનમાં ખેંચી જવાશે. જેથી ટેક્સને એવોઇડ કરવાની ભૂલ કયારેય ન કરવાની સલાહ તેમણે આપી હતી. તેમણે ભવિષ્યમાં આવનાર બ્લોક ચેઇન ટેકનોલોજી વિશે પણ વિસ્તૃત માહિતી આપી હતી.

વેબિનાર દરમ્યાન લોકો દ્વારા પુછવામાં આવેલા ટેક્સ સંબંધિત તથા સ્વીસ બેંકમાં પડી રહેલું કાળું નાણું અને નોટબંધી સહિતના વિવિધ સવાલોના વકતાએ સંતોષકારક જવાબ આપ્યા હતા. ચેમ્બરના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ સમગ્ર વેબિનારનું સંચાલન કર્યું હતું.